# હાર્દિક પટેલનો ફરીવાર જળત્યાગ

## વાટાઘાટો માટે આપેલા ૨૪ કલાકના અલ્ટીમેટમની અવધિ પૂર્ણ થતા હાર્દિકે જળત્યાગ કર્યો : યુપીમાં દેવામાફી થઈ શકે તો ગુજરાતમાં કેમ નહીં : પનારા

અમદાવાદ, તા.૬

પાટીદાર સમુદાય માટે અનામત અને ખેડૂતો માટે દેવા માફીની માંગણી સાથે આમરણાંત દોર જારી રહ્યો હતો. બીજી બાજુ વાટાઘાટો માટેનું અલ્ટીમેટમ આપવામાં આવ્યા બાદ ૨૪ કલાકની મહેતલ પૂર્ણ થયા બાદ ગંભીરતા દેખાઈ રહી નથી. વાતચીત માટે સરકાર ઉત્સુક નથી. સરકાર ઉપર પ્રહાર કરતા પનારાએ કહ્યું હતું કે જો અમે મક્કમતા સાથે આગળ વધીશું. તેમણે એમ પણ કહ્યું હતું કે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલનું અમે ખૂબ સન્માન કરીએ છીએ અને જો તેઓ મધ્યસ્થી બનીને રજુઆત કરશે તો અમને કોઈ વાંધો નથી. પાસના કન્વીનર હાર્દિક પટેલના આમરણ ઉપવાસના આજે તેરમા દિવસે તેની તબિયત વધુ લથડી હતી. હાર્દિક ભારે અશકિત, ચક્કર, લાચારી સહિતના કથળેલા સ્વાસ્થ્ય વચ્ચે આરોગ્યના જોખમનો સામનો કરી રહ્યો છે. છેલ્લા ૧૩ દિવસના ઉપવાસને લઈ ભારે અશકિતના કારણે હાર્દિક હવે ચાલવા માટે અસમર્થ બન્યો હતો અને તેને આજે સવારથી વ્હીલચેર પર બેસાડી ઉપવાસ છાવણી સુધી લઈ જવાની ફરજ પડી હતી. બીજી તરફ હાર્દિક પટેલે આજ સાંજ સુધીમાં જો સરકાર તેની સાથે સીધી વાતચીત નહીં કરે તો જળત્યાગની ચીમકી આપી હોઈ સમગ્ર પાટીદાર સમાજમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાયો છે. સાંજે હાર્દિકની તબિયત વધુ લથડતાં તે આંખો પર રૂમાલ મૂકી સૂઈ ગયેલો જોવા મળતો હતો, તેનામાં વાત કરવા કે આંખો ખુલ્લી રાખી સતત જોયા કરવાની તાકાત પણ ઘટતી જાય છે. સોલા સિવિલના ડોકટરોની ટીમે ફરી એકવાર આજે સાંજે હાર્દિકના મેડિકલ ચેકઅપ કર્યા બાદ ફરી હાર્દિકને હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપી હતી અને એ વાત પરત્વે ચેતવ્યા હતા કે, જો ઉપવાસની પરિસ્થિતિ ચાલુ રહી તો, હાર્દિકના લીવર અને કિડનીને ગંભીર અસર થઈ શકે છે, જે જોખમી બની શકે. દરમિયાનમાં આજે સવારે પૂર્વ કેન્દ્રીય પ્રધાન દિનશા પટેલે હાર્દિક પટેલની મુલાકાત લીધી હતી અને તેના ખબરઅંતર પૂછયા હતા. આજે સવારે પણ સોલા સિવિલની ટીમ દ્વારા હાર્દિક પટેલનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. દરમિયાનમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી આજે સવારે દિલ્હી પહોંચ્યા હતા અને દિલ્હી ખાતેની બેઠક દરમિયાન તેઓ વડા પ્રધાનનું આ મુદ્દે માર્ગદર્શન મેળવે તેવી ચર્ચાએ જોર પકડયું હતું. તેઓ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ તથા કેન્દ્રીય નેતાઓને પણ મળ્યા હતા. મુખ્યમંત્રી રૂપાણીએ બપોરે પરત ફર્યા બાદ સાંજે ચાર વાગે કોંગ્રેસના નેતાઓ સાથે મુલાકાત કરી હતી.



ઉપવાસ ઉપર ઉતરેલા હાર્દિક પટેલની તબિયત એકબાજુ વધુને વધુ લથડી રહી છે. હાર્દિક પટેલના આમરણ ઉપવાસમાં આજે ૧૩માં દિવસે પણ આક્ષેપ પ્રતિઆક્ષેપોનો હાર્દિક પટેલે ફરીથી જળત્યાગ કર્યો હતો. આ સંદર્ભમાં હાર્દિક પટેલના તરફથી અને પાસના નેતા મનોજ પનારાએ વાત કરી હતી. મનોજે કહ્યું હતું કે સરકારને આ મામલામાં ઉત્તરપ્રદેશમાં દેવા માફી થઈ શકતી હોય તો ગુજરાતમાં કેમ ન થઈ શકે. મનોજે એમ પણ કહ્યું હતું કે જ્યાં સુધી અમારી માંગણી સ્વીકારવામાં આવશે નહીં ત્યાં સુધી

## ઉપવાસ આંદોલન મામલે હવે નરેશ પટેલ મધ્યસ્થી બનવા તૈયાર

### સરકાર અને પાસ કહેશે તો સામાજિક શાંતિ તેમજ હિત માટે તેઓ મધ્યસ્થી કરવા તૈયાર : નરેશ પટેલનો સંકેત

હાર્દિક પટેલના સાથી મનોજ પનારાએ આજે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલમાં સંપર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યા બાદ વાતચીત માટેનો માર્ગ મોકળો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. મનોજે પોતાની પ્રતિક્રિયામાં આજે કહ્યું હતું કે નરેશ પટેલ પ્રત્યે તમામને પૂર્ણ સન્માન છે. વાતચીતથી કોઈ રસ્તો નિકળે તેમ અમે ઈચ્છીએ છીએ. મનોજ પનારાના નિવેદન બાદ એવા સંકેત મળી રહ્યા છે કે હવે વાતચીત માટેનો માર્ક મોકળો થઈ રહ્યો છે. પાટીદારોને અનામત અને ખેડૂતોની દેવામાફીની માંગણી સાથે પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીનર હાર્દિક પટેલના ઉપવાસનો આજે ૧૩મો દિવસ છે. છતાં ભાજપ સરકારમાંથી સમાધાન મુદ્દે કોઈ વલણ આવતું નથી. તે જોઈ છેલ્લા કેટલાક દિવસોથી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ મધ્યસ્થી બનાવવાની ચર્ચાએ જોર પકડ્યું હતું, ત્યારે આજે નરેશ પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જો સરકાર અને પાસ કહેશે તો સામાજીક શાંતિ અને હિત માટે તેઓ મધ્યસ્થી બનવા તૈયાર છે. ખોડલધામના નરેશ પટેલ દ્વાર મધ્યસ્થીની તૈયારી અને હકારાત્કમતાને લઈ પાટીદાર સમાજમાં સરકાર સાથે સંવાદની આશા બંધાઈ છે તો, બીજીબાજુ હવે સરકાર દ્વારા આ મામલે શું વલણ અખત્યાર કરાય છે તેની પણ રાહ જોવાઈ રહી છે. ખેડૂતોના દેવા માફ કરવા અને પાટીદાર સમાજને અનામત અપાવવા માટે હાર્દિક પટેલે ગત તા. ૨૫ ઓગસ્ટથી ગ્રીનવુડ રિસોર્ટ ખાતેના તેના છત્રપતિ નિવાસ ખાતેના નિવાસસ્થાને આમરણમાંત ઉપવાસ શરૂ કર્યા છે. છેલ્લા ૧૩ દિવસ સુધી તેણે અન્નનો દાણો લીધો ન હોઈ અને તેની તબિયત હવે વધુ ને વધુ લથડતી જતી હોઈ ગુજરાતભરમાં તેને પ્રચંડ જનસમર્થન અને જાહેર ટેકો મળી રહ્યો છે ત્યારે રાજય સરકાર પરનું દબાણ પણ વધતું જાય છે. આ સંજોગોમાં ખોડલધામ સંસ્થાના મોભી નરેશ પટેલને સરકાર મધ્યસ્થી બનાવે તેવી ચર્ચા ચાલી રહી હતી, ત્યારે નરેશ પટેલે આજે એક મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું હતું કે, સરકાર અને પાસ કહેશે તો તેઓ આ સમગ્ર મામલમાં જરૂર મધ્યસ્થી બનશે.

## હાર્દિક અનશન : આજે કોંગી કાર્યકરો ઉપવાસ પર રહેશે

### ધાનાણી અને અન્યો રૂપાણીને મળ્યા : ખેડૂતોની દેવામાફી, અલ્પેશ સહિતના આંદોલનકારીઓની મુકિતની ઉગ્ર માંગ

હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસના મુદ્દે જોરદાર રાજનીતિ પણ શરૂ થઈ ચુકી છે. કોંગ્રેસ પાર્ટીએ આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આવતીકાલે ૨૪ કલાકના ઉપવાસ આંદોલન પર કોંગ્રેસના નેતાઓ પણ ઉતરનાર છે. રાજયના તમામ જિલ્લા અને તાલુકામાં કોંગ્રેસના કાર્યકરો ઉપવાસ આંદોલન કરશે અને વિરોધ પ્રદર્શન કરશે.

કોંગ્રેસ તરફથી વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને અન્ય મુખ્યમંત્રીને મળ્યા હતા અને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ અને ખેડૂતાના પ્રશ્ને લડી લેવાના મૂડમાં આવી ગયેલી કોંગ્રેસે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળીને વિગતવાર આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. કોંગ્રેસે સ્પષ્ટ માંગ કરી હતી કે, રાજય સરકાર સંવેદનહીનતા અને અહંકાર છોડી હાર્દિક પટેલ સાથે સીધો સંવાદ કરે. આજે વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ ઉપરાંત વિપક્ષના નેતા પરેશ ધાનાણી તથા ધારાસભ્યો સહિત કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે ગુરુવારે સાંજે મુખ્યમંત્રી ઓફિસમાં વિજય રૂપાણીની મુલાકાત લીધી હતી અને ધરતીપુત્ર હાર્દિક પટેલના ઉપવાસ આંદોલન મામલે તેની સાથે સીધો સંવાદ સાધવા, ખેડૂતોની દેવામાફી, અલ્પેશ કથીરીયા સહિતના આંદોલનકારીઓની મુકિત અને રાજયમાં લોકશાહી મૂલ્યોની જાળવણીની મુખ્ય માંગણી કરી હતી. સાથે સાથે કોંગ્રેસે રાજય સરકારને ૨૪ કલાકનું અલ્ટિમેટમ પણ આપ્યું હતું કે, જો સરકાર આ સમગ્ર મામલે ૨૪ કલાકમાં નિર્ણય નહી લે તો આવતીકાલે સવારે ૧૧-૦૦ વાગ્યાથી શનિવારે ૧૧-૦૦ વાગ્યા સુધી રાજયના તમામ જિલ્લા-તાલુકાએ ઉપવાસ, વિરોધ અને દેખાવોના કાર્યક્રમ યોજવામાં આવશે. ખેડૂતપુત્ર હાર્દિક પટેલનું ઉપવાસ આંદોલન જ્યારે ૧૩મા દિવસમાં પ્રવેશ્યું છે ત્યારે કોંગ્રેસે હવે આ મામલે સીધો હસ્તક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના પ્રતિનિધિમંડળે આજે સીએમ રૂપાણીની મુલાકાત લઈને તેમને હવે હાર્દિકના ઉપવાસ આંદોલન મામલે હાર્દિક સાથે સંવાદ સાધવા તેમજ ખેડૂતોના હિતમાં પગલાં લેવા રજૂઆત કરી હતી. એટલું જ નહીં, આ મામલે રાજ્ય સરકાર ૨૪ કલાકમાં પગલાં નહીં લે તો શુક્રવારે સવારે ૧૧ વાગ્યાથી શનિવારે સવારે ૧૧ વાગ્યા સુધી રાજયના તમામ જિલ્લા-તાલુકામાં કોંગ્રેસના કાર્યકરો ઉપવાસ આંદોલન કરશે અને વિરોધ વ્યક્ત કરશે.

## સીઆઈડી ક્રાઈમ એન્ડ રેલ્વેઝના અધિકારીઓને બેંકિંગ છેતરપિંડી અંગે માહિતગાર કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સ્ટેટબેંક ઈન્સ્ટિટ્યુટ ઓફ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા તાજેતરમાં ગુનાઓ સંદર્ભે તપાસકર્તા અધિકારીઓ માટે ઉપયોગી નિવડશે. સેમિનારમાં બેંકિંગક્ષેત્રે થતી વિવિધ છેતરપીંડીઓ અંગે





સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝના રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ માટે 'બેંકિંગ ફ્રોડ' વિષયે એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારનું ઉદ્ઘાટન સીઆઈડી ક્રાઈમ એન્ડ રેલ્વેઝના એડીજીપી અજયકુમાર તોમર તથા સીઆઈડી ક્રાઈમના નાયબ પોલીસ મહાનિરિક્ષક સચિન બાદશાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

અજયકુમાર તોમરે જણાવ્યુ હતું કે આ પ્રકારનો સેમિનાર પ્રથમવાર થઈ રહ્યો છે જે હાલમાં બેંકો તથા નાણાંકીય સંસ્થાઓણાં વધી રહેલા ફ્રોડના વિસ્તારપૂર્વક ચર્ચા કરાઈ હતી. સેમિનારમાં ભાગ લેનાર અધિકારીઓને એસબીઆઈએલડીના ડાયરેક્ટર તથા આસીસ્ટન્ટ જનરલ મેનેજર વિનોદ અમલાણીએ સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન સ્કંદકુમારે કર્યુ હતુ. જ્યારે સેમિનારમાં ફેકલ્ટી હીતેશ દવે, મનોજકુમાર, વિનયકુમાર તથા સંજય વર્માએ વિવિધ વિષયે માહિતિ પ્રદાન કરી હતી. સેમિનારને સફળ બનાવવા રીમા તિવારી, સતિષ ઠક્કર, અમીત મહેરીયા તથા મહેશ રામીએ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગરના યુવા સાયકિલસ્ટ દિશાંત શાહે એક હજાર કિમીની સાયકલ રાઈડ પૂર્ણ કરી

### બીઆરએમ સાયકિંલગ ઈવેન્ટમાં એક હજાર કિમીની રાઈડ પૂર્ણ કરનારા સૌથી યુવા અને ગાંધીનગરના એક માત્ર સાયક્લિસ્ટ : ત્રણ દિવસ અને ૩ રાત્રી મળીને કુલ ૬૮.૧૫ કલાકમાં રાઈડ પુરી કરી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ૨૫ વર્ષીય યુવા સાયક્લિસ્ટ દિશાંત શાહે એક હજાર કિલોમીટરની સાયકલ સવારી પુરી કરી શહેરનું નામ રોશન કર્યુ છે. આ પ્રકારની સાયકલ સવારી કરનાર ગાંધીનગરના તેઓ સૌથી પ્રથમ યુવા સાયકિલસ્ટ છે. જેમણે નિયત સમય ૭૫ કલાકના બદલે માત્ર ૬૮.૧૫ કલાકમાં જ તેમની રાઈડ પુરી કરી હતી. આ રાઈડ તા. ૧લી સપ્ટેમ્બરે સુરતથી પ્રારંભ થઈને આબુરોડ થઈ સુરત પરત સુધીની હતી.



પેરિસની ઔડક્સ ક્લબ દ્વારા વિશ્વ વ્યાપી રીતે ગ્રેવેટ ધ રેન્ડોનિયર્સ મોન્ડ્યુક્સ-બીઆરએમ સાયકિંલગ ઈવેન્ટ યોજવામાં આવે છે જેમાં જુદા જુદા અંતરની સાયકલ રાઈડનો સમાવેશ થાય છે. આ તમામ રાઈડ પુરી કરનાર સાયક્લિસ્ટને ' સુપર રેન્ડોનિયર'નો ખિતાબ આપવામાં આવે છે. તા. ૧લી સપ્ટેમ્બરથી આયોજિત સુરત-આબુરોડ સુધીની ૧ હજાર કિમીની રાઈડ 'બાબુ ચલો આબુ' માં કુલ ૪૬ સાયક્લિસ્ટોએ ભાગ લીધો હતો. જેમાં ૬૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતા સાયકલ રાઈડર્સ સામેલ હતા. ગાંધીનગરથી આ સાયકલ રાઈડમાં માત્ર દિશાંત શાહ જોડાયાં હતા જેમણે સતત ૩ દિવસ અને ૩ રાત્રિ જાગીને દુર્ગમ ચઢાણ-ઉતરાણ સહિત વિષમ વાતાવરણની મુશ્કેલીઓ વચ્ચે આ રાઈડ પુરી કરી છે. રસ્તામાં તડકો, વરસાદ અને પરોઢની ઠંડી સહન કરવા સાથે દિશાંતને પાંચ વાર સાયકલનું ટાયર પંક્ચર થયુ હતુ જે રાઈડના નિયમો મુજબ જાતે જ રીપેરીંગ કરવુ પડ્યું હતું.

સેક્ટર-૨૧માં રહેતા દિશાંત શાહે વહેલી સવારે ૪ વાગે રાઈડનો પ્રારંભ કર્યો હતો જેનું સમાપન તા. ૪થી સપ્ટેમ્બરે રાત્રે ૨ કલાકે થયું હતું. ઈવેન્ટના તમામ રાઈડર્સમાં તેઓ સૌથી ઓછી વયનો રાઈડર હતા અને હજુ તેઓ આગામી તા. ૨૯મી સપ્ટેમ્બરે ફરી આ પ્રકારની સાયકલ રાઈડ કરવા જઈ રહ્યાં છે જે પુરી કરતા તેમને 'સુપર રેન્ડોનિયર'નો ખિતાબ પ્રાપ્ત થશે. દિશાંત શાહે ગાંધીનગરના યુવાનોને પોતાની સાહસિક સિદ્ધિથી પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

## નીતિમત્તાના આધારે હાર્દિકની માંગ વાજબી છે : દિનશા પટેલ

અમદાવાદ, તા.૬

હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે ૧૩મો દિવસ છે. ત્યારે હાર્દિકના સમર્થનમાં સામાન્ય લોકોની સાથે સાથે એક પછી એક નેતાઓ આવી રહ્યા છે. આજે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને દેશના પૂર્વ પેટ્રોલિયમ રાજ્યમંત્રી દિનશા પટેલે હાર્દિકને મળીને તેને સમર્થન આપ્યું હતું. હાર્દિકની મુલાકાત બાદ દિનશા પટેલે જણાવ્યું હતું કે, નીતિમત્તાના આધાર પર હાર્દિકની માંગણીઓ યોગ્ય અને વ્યાજબી છે, તેની માંગણીઓ નીતિ મત્તાની છે, તેથી સરકારે તાત્કાલિક તેનો ઉકેલ લાવવો જોઈએ. હાર્દિક પટેલનું સ્વાસ્થ્ય વધુને વધુ બગડી રહ્યું છે અને તે અશક્ત થઈ ગયો છે. કોઈ ગંભીર પરિસ્થિતિ સર્જાય તે પહેલાં પટેલ કે અન્ય સમાજ હોય સરકારે વિચાર કરવો પડે અને સાથે મળીને અનામત અંગેનો વિચાર કરવો પડશે. દિનશાએ ગુજરાત સહિત દેશમાં પેટ્રોલિયમના વધતા ભાવ મામલે વર્તમાન સરકારને આડેહાથ લીધી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અત્યારના સંજોગોમાં તમામ દિશામાં પ્રજા ભીંસાઈ ગઈ છે. દેવા માફી, નોકરી, શિક્ષણ આ તમામ પ્રશ્નો આજે ઉભા થયા છે પેટ્રોલ-ડિઝલના ભાવ આસમાને પહોંચ્યા હું જ્યારે મંત્રી હતો ત્યારે એક રૂપિયાના ભાવ વધારા સામે મને જૂતાંનો હાર પહેરાવતા હતા, આજે રોજ ભાવ વધી રહ્યા છે, સરકારે જાતે જ જૂતાનો હાર પહેરવો જોઈએ. હાર્દિક પટેલની માંગણીઓ વ્યાજબી છે તેના નિરાકરણ માટે ૧૩ દિવસ ના થવા જોઈએ સરકારે નીતિમતા ધોરણે મંગાવામાં આવતી માંગો સંતોષવી પડે. હાર્દિક પટેલની તમામ માંગો સાથે હું સહમત છું.

## સે-૧૫ કોમર્સ કોલેજ ખાતે પેન્શન અદાલત યોજાશે

ગાંધીનગર તાલુકા નિવૃત કર્મચારી મંડળ દ્વારા આગામી તા.૧૮-૯-૧૮ના રોજ બપોરે ૧ કલાકે કોમર્સ કોલેજ સેકટર-૧૫ ખાતે પેન્શન અદાલતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જે પેન્શનરોના પ્રશ્નો વણ ઉકલ્યા હોય તેઓએ આ અદાલતમાં વિગત સાથે હાજર રહેવા જણાવાયું છે. તેમાં નામ, પીપીઓ બુક, સરનામું, નિવૃત તારીખ, જિલ્લા તિજોરી સાથે હાજર રહેવા અનુરોધ કરાયો છે.

### વકીલ વિરુદ્ધ ફેંક કેસ...

● પાંચમા પાનાનું ચાલુ

વકીલના ભાડામાં રાખેલી જજ સબંધીની મિલકત ખાલી કરાવી હતી અને તે બાદ તેમના જ ઉભા કરેલા હોટલ માલિક અને સાક્ષી પાસે હોટલમાં ભાડે રૂમ રાખનાર બીજો કોઈ વ્યક્તિ હતો, આ વકીલ નહિ તેવો ઓળખ પરેડ પુરાવો ઉભો કરી કોર્ટમાંથી કાયદાની કલમ ૧૬૯ મુજબ વકીલને કોર્ટમાંથી પોલીસે જ છોડાવ્યો હતો. જોકે પાપ છાપરે ચડી પોકારે તે યુંક્તીએ મુક્ત થયેલા વ્યક્તિએ ૨૨ વર્ષના કાનૂની જંગ બાદ પુરાવા રજુ કરતા અને હાઈકોર્ટે આ કેશમાં સીટની રચના કરી નિષ્પક્ષ તપાસનો હુકમ કરતા આજે સીઆઈડી ક્રાઈમે દોષિત અને કાવતરૂ રચનાર આઈપીએસ સંજીવ ભટ્ટની ધરપકડ કરી હતી.

આ બાબતે પીડિત વકીલ સુમેરમળ રાજપુરોહિતે જણાવ્યું હતું કે પાલી કોર્ટમાં તત્કાલીન જજ, સંજીવ ભટ્ટ અને ફૂટરમલ સહિત ના અન્ય પોલીસ અધિકારીઓ વિરૂધ ગુનો નોંધાયેલ છે જેની કોર્ટ સ્ટે હોઈ ટ્રાયલ ચાલે છે જોકે મને આજે મોડે મોડે ન્યાય મળ્યા ની ખુશી છે.

## ડુપોન્ટ ન્યુટ્રિશન એન્ડ હેલ્થ અમદાવાદમાં સૌપ્રથમ આઈસક્રીમ કાર્નિવલનું આયોજન કરશે

ડુપોન્ટ ન્યુટ્રિશન એન્ડ હેલ્થ અમદાવાદમાં તેનો સૌપ્રથમ આઈસક્રીમ કાર્નિવલ લઈને આવે છે, જે આઈસક્રીમ ચાહકો સમક્ષ તેમની પસંદગીના આઈસક્રીમની વેરાઈટી રજૂ કરશે.

'I Scream with Joy' આઈસક્રીમ કાર્નિવલ અમદાવાદના અમદાવાદ વન મોલમાં ૮મી સપ્ટેમ્બરે શનિવારે બપોરે ૨ વાગ્યે શરૂ થશે, જે ગ્રાહકોને આઈસ ક્રીમની પ્રીમિયમ વેરાઈટી માટે વન-સ્ટોપ શોપની સુવિધા પૂરી પાડશે. અહીં ગ્રાહકોને અમુલ, વાડીલાલ, વિમલ, શીતલ, ખુશબૂ, મોમાઈ, કમ્બોલિવાલા, મોર એન મોર, ભારત ડેરી મનમોહક સહિત ગુજરાતમાંથી આઈસક્રીમ ઉત્પાદકો દ્વારા આ સીઝનમાં લોન્ચ કરવામાં આવેલી ફ્લેવર્સ સહિત પસંદગીની વ્યાપક તકો મળશે. આ કાર્નિવલમાં મફતમાં પ્રવેશ કરી શકાશે.



ભારતમાં આઈસક્રીમનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે અને ગ્રાહકો નવા ફોર્મેટ્સ અને ફ્લેવર્સ તરફ નજર દોડાવી રહ્યા છે, તેમ ડુપોન્ટ ન્યુટ્રીશન એન્ડ હેલ્થના દક્ષિણ એશિયાના બિઝનેસ ડિરેકટર અનુરાગ જૈને જણાવ્યું હતું. 'ફૂડ ઈનગ્રેડિયન્ટ ઈન્ડસ્ટ્રી લીડર તરીકે ડુપોન્ટની આઈસક્રીમ નિષ્ણાતોની ટીમ નવીન મીઠી પ્રેરણા સાથે ઉદ્યોગ ભવિષ્ય માટે તૈયાર રહે તે માટે સતત કામ કરે છે. આઈસક્રીમ કાર્નિવલ દેશમાં આઈસક્રીમ ક્ષેત્રે નવીનતા લાવવાની અમારી કટીબદ્ધતાનો પુરાવો છે.'

સમગ્ર ગુજરાતમાંથી એક ડઝનથી વધુ આઈસક્રીમ ઉત્પાદકો આ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે, જેઓ લોકો સમક્ષ ૫૦થી વધુ પ્રીમિયમ અને નવીન આઈસક્રીમ ફ્લેવર્સ રજૂ કરશે. ગ્રાહકોને પણ વિશેષ છૂટના દરે તેમની પસંદગીના આઈસક્રીમ્સ ખરીદવાની તક મળશે અને તેઓ કાર્નિવલની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો આનંદ માણી શકશે.

### ૭/૧૨નું સ્કેનીંગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાને કારણે તેનુ સ્કેનીંગ જરૂરી બન્યુ છે. ગામનું પત્રક નં. ૬નું પણ સ્કેનીંગ કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે મહેસુલી તંત્રમાં આમુલ પરિવર્તન આવી રહ્યુ છે અને તેમાંય ઈ.ગર્વનન્સ થકી ગુડ ગર્વનન્સ આપવાનો ઈરાદો સરકારનો સ્પષ્ટ છે.

તેમણે કહ્યુ હતુ કે જીયો રેટીંગ ભારને કરવાના નિર્ણય પછી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કલેક્ટરે જણાવ્યું હતું કે ૭/૧૨ના ઉતારા એ ગ્રામ્ય વિસ્તારમાં ઘણુ મહત્વ ધરાવે છે. ખેડૂતોનું કોઈ ખોટુ શોષણ ના થાય અને ભૂમાફિયાઓથી તેમને રક્ષણ મળે તે માટે આ કામગીરી કરવામાં આવી રહી છે.

### રેનબસેરા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરફ ધ્યાન અપાતુ નથી. શહેરમાં પાણી , ગટર , ટેલીફોન , ગેસ તેમજ વિજ લાઈન સહીતની કામગીરી ઉપરાંત આવાસોના નિર્માણ માટે બહારથી આવતા શ્રમિકોની સંખ્યા વિશેષ છે ત્યારે ગુડા વિસ્તારમાં પણ રેઈન બસેરાની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. જેના લીધે શ્રમિકોના રહેઠાંણ થી માંડીને ગંદકી ,શિક્ષણ અને આરોગ્ય સહીતના અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. આ અંગે શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ રજુઆતમાં જણાંવ્યા મુજબ નગર વિકાકના અનેકવિધ કામોના લીધે શહેરમાં અનેક પ્રોજેકટોનુ કામ હાથ ધરવામાં આવે છે. જયારે નવા આવસો બાંધવા ઉપરાંત પાણી , ગટર, ટેલીફોન વિજલાઈન અને ગેસ લાઈનની ખોદકામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. ગુડા વિસ્તારમાં પણ અનેકવિધ વિકાસ કામો ધમધમી રહ્યા છે. ત્યારે બહારગામથી કામ અર્થે આવતા શ્રમિકોની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. પરંતુ આ શ્રમિકો માટે રેઈન બસેરા સહીતની સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી ગંદકી અને દબાણ સહીતની અનેક સમસ્યાઓ ઉદભવે છે. મહાસંઘે આ અંગે વધુમાં રજુઆતમાં જણાંવ્યા મુજબ ગંદકીને નિયંત્રણમાં રાખવા માટે રેઈન બસેરા એક ઉત્તમ વ્યવસ્થા છે. આવા સંજોગોમાં બહારગામથી આવતા શ્રમિકો સ્વમાનભેર રહી શકે અને અન્ય સમસ્યાઓ પણ ઉભી ન થાય તેવુ આયોજન કરવા માટે ત્વરિત રેઈન બસેરાનુ આયોજન કરવા પણ માંગ કરવામાં આવી છે.

### શિક્ષકોની ઘટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજિત ૩૧ શિક્ષકોની ઘટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. હાલ શિક્ષણ વિભાગ દ્વારા મિશન વિદ્યાનુ અભિયાન હાથ ધરાયુ છે. ત્યારે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પુરતુ લેખન અને વાંચન કાર્ય પણ ફાવતુ ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં નગરની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની નિમણુંક અંગેની અસમાનતા દુર કરી ઘટ નિવારવા માટે પણ ઝડપથી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### સમલૈગિંકતા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણી હાથ ધરવામાં આવી હતી. તથા ૧૭મી જુલાઈના દિવસે ચુકાદો અનામત રાખ્યો હતો. બંધારણીય લોકશાહી વ્યવસ્થામાં ફેરફાર જરૂરી હોવાની વાત પણ સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવી છે. ૧૭મી જુલાઈના દિવસે સુપ્રિમ કોર્ટે આ અંગેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ મામલાની સુનાવણી કરનાર બેચમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા જસ્ટીસ આરએફ નરીમન, જસ્ટીસ ખાનવીલકર, જસ્ટીસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટીસ ઈન્દુ મલહોત્રા સામેલ છે. આ પહેલા સજાતિય સંબંધોમાં અપરાધની શ્રેણીથી બહાર કરવામાં આવે કે તેમ તેને લઈને મોદી સરકારે આ ચુકાદો સુપ્રિમ કોર્ટ ઉપર છોડી દીધો હતો. આ મામલાની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કલમ ૩૭૭ પર કોઈ વલણ અપનાવ્યું નથી. કેન્દ્ર સરકારે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે ૩૭૭ હેઠળ સહમતી સાથે પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધો યોગ્ય છે કે કેમ તે અંગે કોર્ટ નક્કી કરશે. કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટમાં એવી રજુઆત કરી હતી કે સજાતિય લગ્ન, સંપત્તિ અને પૌત્રુક અધિકારો જેવા મુદ્દા પર વિચાર કરવામાં ન આવે. ૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપીને કલમ ૩૭૭ના મામલામાં ચુકાદો આપ્યો હતો.

### વિધાનસભા ભંગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ અને રાજ્યસભાના નાયબ અધ્યક્ષની ચૂંટણીમાં ટીડીપી અને કોંગ્રેસ એક કેમ્પમાં હતા. ટીઆરએસને લાગી રહ્યું હતું કે લોકસભા ચૂંટણી સુધી બંનેમાં સપા અને બસપા જેવું ગઠબંધન થઈ શકે છે. હવે ટીઆરએસ ભાજપની તરફેણમાં હોય તેવા સંકેત મળી રહ્યા છે. લોકસભાની સાથે સાથે વિધાનસભા ચૂંટણી ન થવાને લઈને અસાસુદીન ઓએસીની પાર્ટીની સાથે પ્રત્યેક્ષ અથવા પરોક્ષ ગઠબંધન માટે ટીઆરએસ રાજ્યના ૧૨ ટકા જેટલા લઘુમતી મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેલંગાણામાં વિધાનસભાની ૧૧૯ સીટો છે. જેમાં સત્તારૂઢ ટીઆરએસની પાસે ૯૦ સીટો છે. જ્યારે વિપક્ષી કોંગ્રેસ પાસે ૧૩ સીટો રહેલી છે. ભાજપની પાસે પાંચ સીટો રહેલી છે.

### કટોકટી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા પત્રમાં કહ્યું હતું કે પૂર્વ નોટિસ બદલ પેમેન્ટ રોકવાની બાબત યોગ્ય દેખાતી નથી. આ બાબત ખૂબ જ ગંભીર છે. આને લઈને કોઈ પ્રતિક્રિયા થશે તો મેનેજમેન્ટ આના માટે જવાબદાર રહેશે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે અમે એવી સલાહ આપવા માંગીએ છીએ કે સમય પર વેતનની ચૂંકવણી ન થવાની સ્થિતિમાં પાયલોટ અસહકાર કરશે, સહયોગ આપશે નહીં. આ સંદર્ભમાં જેટ એરવેઝને મોકલવામાં આવેલા પ્રશ્નના સંદર્ભમાં કોઈ જવાબ મળ્યા નથી. જેટ એરવેઝ જુલાઈની ચૂકવણીમાં વિલંબ કરી રહી છે. આ પહેલા કંપની જૂનના અંતમાં કર્મચારીના વેતનમાં ૨૫ ટકા સુધી ઘટાડો કરવાની દરખાસ્ત મુકી હતી. પાયલોટોના યુનિયન નેશનલ એવિએટર્સ ગિલ્ડ તથા એન્જિનિયરોના વિરોધ બાદ ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પગાર ન મળવાને લઈને પાયલોટો નારાજ દેખાઈ રહ્યા છે.